| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૨/૦૫/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૨/૦૫/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૨૩/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૦– ૧૧ – ૧૯ |

**જામનગરના શ્રમઅદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીની કોર્ટમાં,**

**મું.જામનગર.**

**રીકવરી ૩૩(સી)(૨) નં. ૩૮/૨૦૨૫**

**આંક : ૦૯**

અરજદાર : ઈમરાન ગફારભાઈ સંધી

રહે. હાપા રોડ,લાલવાડી આવાસ કોલોની ૫૩/૧,

જી. જામનગર.

C/O મજૂર સેવા સંઘ,૨૮,મનુ માર્કેટ,બેડી ગેઈટ,

જામનગર.

**વિરુધ્ધ**

સામાવાળા : ઉજાલા કુટવેર

જુમા મસ્જીદ પાછળ, મોચીગલી, જામનગર

**વિષય: આઈ.ડી.એકટની કલમ :૩૩ (સી)(૨) મુજબ વસુલાત અરજી.**

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | વિ.વકીલ શ્રી પી.આર.જોષી |
| સામાવાળા તર્ફે | : | એક તરફી |

# -:: હુ ક મ ::-

(૧) આ કામના અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૩૩(સી)(૨) ના પ્રબંધો હેઠળ કરેલી છે. અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારે સામાવાળા સંસ્થામાં પુન:સ્થાપિત થવા નામદાર કોર્ટમાં રેફરન્સ (ટી) નં.૪૨/૨૦૨૨ કરેલ સદર કેસ તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ હુકમ કરી મંજુર થતા અરજદારને પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવેલ. જે સામાવાળાને હુકમ મળી ગયેલ હોવા છતાં સામાવાળાએ પુન:કામ ઉપર લીધેલ નહિં. જેથી સામાવાળા નામદાર હુકમ અનુસાર તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ રૂબરૂમાં હાજર રીપોર્ટ આપવા ગયેલ. પરંતુ અમારો હાજર રીપોર્ટ સ્વીકારેલ નહિં. જેથી તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ એવોર્ડ ભંગ અંગેની ફરીયાદ દાખલ કરેલ જે હાલ ચાલુ છે. આમ એવોર્ડ પ્રસિધ્ધ થયાના દિન-૩૦ માં અમોને કામ પર લેવા જોઈએ પણ લીધેલ નથી. આવા સંજોગોમાં સામાવાળાએ અમોને દરમાસે પગાર ચુકવવો જોઈએ જે ચુકવેલ નથી. આથી અમોને તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધીના માસના માસિક રૂા.૧૨,૦૦૦/- લેખે કુલ રૂા.૭૨,૦૦૦/- ની લેણી રકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) આ કામે સામાવાળાને આંક ૩ થી નોટીસ કરવામાં આવતાં જે સામાવાળાને નોટીસ બજવા છતાં સામાવાળા તરફે જાતે કે એડવોકેટ મારફતે હાજર રહેલ નથી. સામાવાળા તરફે અરજદારની અરજીનો જવાબ રજૂ થયેલ નથી. તેથી આ કામે અરજદારના પ્રતિનિધિ ધ્વારા આંક-૪ થી જવાબનો હકક બંધ કરવા અરજી કરેલ નામદાર કોર્ટ ધ્વારા સદર અરજી મંજુર કરી સામાવાળાના જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે અરજદાર તરફે આંક ૫ થી અરજદાર સરતપાસનું સોગંદનામું તથા આંક ૨ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી એવોર્ડભંગ ના પગાલા લેવા અંગેની અરજી, હાજર રીપોર્ટ, રેફરન્સનો હુકમની નકલ રજુ કરેલ. સામાવાળા હાજર રહેતા ન હોય તેથી અરજદાર પ્રતિનિધિ ધ્વારા આંક ૬ થી અરજદારની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવા અરજી કરેલ નામદાર કોર્ટ ધ્વારા સદર અરજી મંજુર કરી સામાવાળાએ અરજદારની ઉલટતપાસ કરવાનો નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે અરજદાર ધ્વારા આંક–૭ ની કલોઝીંગ પુરશીસ આપેલ છે.

(૪) આ કામ સામાવાળા શરૂઆતથી જ સતત ગેરહાજર રહેતા હોય તેથી અરજદાર તરફે આંક–૮ થી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવા અંગેની અરજી કરતા સદર અરજી મંજુર કરી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૫) આ કામે અરજદાર પક્ષની દલીલ સાંભળી, જેની આગળ જરૂર મુજબ ચર્ચા કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા સતત ગેરહાજર રહેતા હોય તેથી અરજદારના પ્રતિનિધિની મૌખિક રજુઆત કરતા સામાવાળાનો દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૬) આમ, ઉપરની હકીકતો જોતાં આ કામના સામાવાળા ધ્વારા નોટીસ બજવા છતાં લેખિત જવાબ, પુરાવો કે દલીલ કરવાની દરકાર લીધેલ નથી. સામાવાળા ધ્વારા અરજદારના પુરાવા વિરુધ્ધ કોઈ પુરાવો રજૂ થયેલ નથી. તેથી અરજદારની અરજીની અને સોગંદનામાની હકીકતો બીન પડકારાયેલ રહેલ છે, જે હકીકતો નહીં માનવાને કોઈ કારણ નથી. તેથી અરજદારની અરજી મંજૂર થવાને પાત્ર હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** અરજદારની હાલની રીકવરી અરજી નં.૩૮/૨૦૨૫ આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદારને સામાવાળા સંસ્થા પાસેથી પરિશિષ્ટ ૧ થી રજુ કરેલ ગણતરી મુજબ અરજદાર મે–૨૦૨૫ થી ઓકટોબર–૨૦૨૫ ના બાકી પગારના કુલ રૂા.૭૨,૦૦૦/–(અંકે રૂપિયા બોતેર હજાર પુરા) આજરોજ હુકમ તારીખથી દિન–૬૦ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**૪.** રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસાર ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૨૩ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૨૩/૦૪/૨૦૨૬.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
**જીજે–૦૧૨૯૮**